# અંગ્રેજોની ગુલામીની માનસિકતા હવે તેનું જ ઘર ભાંગશે!




## વિકલ્પ

★ દીપક આશર

યુનાઈટેડ કિંગડમ (યુકે)ની આંતરિક રાજનીતિમાં આજે ભારે ધૂંધવાટ જોવા મળી રહ્યો છે. લંડનની વેસ્ટમિન્સ્ટર સરકાર સામે એક સમયે જે વિરોધના છૂટાછવાયા સૂર ઊઠતા હતા, તેણે હવે પૂર્ણ આઝાદી અને સ્વાયત્તતાના ભડકાનું રૂપ ધારણ કરી લીધું છે. સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડ, યુકેના આ ત્રણેય પ્રદેશોમાં લંડનની હકૂમત સામે વ્યાપક રોષ ફાટી નીકળ્યો છે. બ્રિટનના રાજકીય વર્તુળોમાં હવે માત્ર એક જ ચર્ચા ચગવા પર છે- શું બ્રિટન પોતાની સત્તાનો અહંકાર સાચવવા જતાં દેશના ટુકડા થતાં જોઈ રહેશે?

હજુ ગઈકાલ સુધી જે 'યુનાઈટેડ કિંગડમ' આખી દુનિયા પર શાસન કરવાના અને લોકશાહીના પાઠ ભણાવવાના ડહાપણ વાગોળતું હતું, તે જ દેશ આજે પોતાના ઘરના ધાંધિયા અને આંતરિક ડખો ઉકેલવામાં નિષ્ફળ નીવડ્યો છે. બ્રેક્ઝિટ પછી ઊભી થયેલી આર્થિક તંગી અને લંડનના રાજકારણીઓની દાદાગીરીને કારણે સ્કોટિશ, વેલ્સ અને આઈરિશ પ્રજાને હવે એ વાત સમજાઈ ગઈ છે કે લંડનની ગુલામીમાં રહેવા કરતાં પોતાનો અલગ ચોકો રચી લેવો વધારે ડહાપણભર્યો રસ્તો છે.

સ્કોટલેન્ડની આઝાદીની ચળવળ કોઈ નવીનવાઈની વાત નથી. ૨૦૧૪માં જનમત સંગ્રહમાં સ્કોટલેન્ડના ૫૫% લોકોએ યુકે સાથે રહેવાની તરફેણ કરી હતી અને ૪૫% લોકોએ આઝાદીની તરફેણમાં વોટ આપ્યો હતો પરંતુ ૨૦૧૬ના બ્રેક્ઝિટ વોટ પછી આખી રમત પલટાઈ ગઈ હતી. સ્કોટલેન્ડના ૬૨% નાગરિકોએ યુરોપિયન યુનિયન (ઈયુ)માં રહેવા માટે મતદાન કર્યું હતું, છતાં લંડનની સરકારે પોતાની મરજી મુજબ આખા યુકેને ઈયુમાંથી બહાર ખેંચી લીધું હતું.

આ જ જોહુકમીને કારણે સ્કોટિશ નેશનલ પાર્ટી (એસએનપી) અને સ્કોટલેન્ડની જનતા આજે ફરીથી નવા જનમત સંગ્રહની માગણી પર અડી ગઈ છે. સ્કોટલેન્ડના લોકોનું કહેવું છે કે ઉત્તરી સમુદ્રમાંથી નીકળતું ક્રૂડ ઓઈલ અને ગેસ સ્કોટલેન્ડની ધરતીનું છે પરંતુ તેનો આર્થિક નફો લંડનની તિજોરી ભરે છે. સ્કોટલેન્ડની પ્રજા પરંપરાગત રીતે ડાબેરી અને કલ્યાણકારી રાજકારણ પસંદ કરે છે, જ્યારે લંડન તેમના પર જમણેરી આર્થિક કટૌતીની નીતિઓ ઠોકી બેસાડે છે. સ્કોટલેન્ડ આઝાદ થઈને ફરીથી યુરોપિયન યુનિયનનું સભ્ય બનીને વૈશ્વિક વેપારમાં પોતાનો દબદબો બનાવવા માગે છે.

પરંતુ, લંડન સ્થિત બ્રિટિશ સરકાર પોતાની આડોડાઈ છોડવા તૈયાર નથી. યુકેની સુપ્રીમ કોર્ટે પણ એવો ચુકાદો આપી દીધો છે કે લંડન સંસદની મંજૂરી વગર સ્કોટલેન્ડ પોતાની રીતે કોઈ જનમત સંગ્રહ યોજી શકે નહીં. આ જ નિર્ણયે સ્કોટલેન્ડની જનતાના દિલમાં અસંતોષની આગમાં બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.

**બ્રિટન આખી દુનિયાને લોકશાહીનાં ભાષણો આપે પણ તેના નાગરિકો જનમત સંગ્રહ માગે ત્યારે લંડનની અદાલતો અને સંસદ દરવાજા બંધ કરી દે!**

અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે માત્ર સ્કોટલેન્ડ જ યુકેથી અલગ થવા માગે છે પરંતુ હવે આ પવન વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડ તરફ પણ ઝડપથી ફેલાયો છે.

વેલ્સમાં આઝાદીની માગણી કરતી પાર્ટી 'પ્લેડ કાઈમરુ'નો પ્રભાવ અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે. વેલ્સના યુવાનો હવે ખુલ્લેઆમ પૂછી રહ્યા છે કે જો નાનકડા આઈસલેન્ડ કે આયર્લેન્ડ જેવા દેશો સ્વતંત્ર રહીને સમૃદ્ધ થઈ શકતા હોય તો વેલ્સ કેમ લંડનની દયા પર નભે? વેલ્સના પ્રાકૃતિક સંસાધનો, પાણી અને ગ્રીન એનર્જીનો ઉપયોગ લંડન કરે છે પરંતુ બદલામાં વેલ્સને ગરીબી અને બેરોજગારી સિવાય કશું મળતું નથી.

ઉત્તરી આયર્લેન્ડમાં સ્થિતિ સૌથી વધુ સંવેદનશીલ છે. બ્રેક્ઝિટ પછી 'નોર્ધન આયર્લેન્ડ પ્રોટોકોલ'ને કારણે યુકે અને ઉત્તરી આયર્લેન્ડ વચ્ચે એક અદ્રશ્ય સમુદ્રી સરહદ ખેંચાઈ ગઈ છે. સિન ફેઈન જેવી નેશનલિસ્ટ પાર્ટીના વિજય સાથે જ ઉત્તરી આયર્લેન્ડનું આયર્લેન્ડ ગણરાજ્ય સાથે એકીકરણ કરવાની માગ બુલંદ બની છે. જો આગામી વર્ષોમાં ત્યાં 'બોર્ડર પોલ' થાય, તો યુકેના હાથમાંથી ઉત્તરી આયર્લેન્ડ કાયમ માટે નીકળી જશે.

ડાઉનિંગ સ્ટ્રીટ (લંડન પીએમઓ)માં બેઠેલા રાજકારણીઓ આ ગંભીર પરિસ્થિતિને ઉકેલવાને બદલે માત્ર 'યુનિયન'ની કાનૂની દુહાઈઓ આપી રહ્યા છે. લંડન સરકારની મુખ્ય દલીલો છે કે, જનમત સંગ્રહ દાયકામાં એક જ વાર થાય. ૨૦૧૪ના જનમત સંગ્રહને 'એક પેઢીમાં એક જ વાર આવતી તક' ગણાવીને લંડન સરકાર બીજા કોઈ પણ મતદાનને ગેરકાનૂની ઠેરવી રહી છે. લંડનના નેતાઓ સ્કોટલેન્ડ અને વેલ્સને એવો ભય બતાવી રહ્યા છે કે જો તેઓ અલગ થશે, તો તેમનું ચલણ (પાઉન્ડ), સંરક્ષણ અને આર્થિક સ્થિરતા જોખમમાં મુકાઈ જશે. બ્રિટિશ શાસકો હંમેશાંની જેમ પોતાની 'ભાગલા પાડો અને રાજ કરો'ની જૂની માનસિકતાથી આ પ્રદેશોની સ્થાનિક પાર્ટીઓને નબળી પાડવાના પેંતરા રચી રહ્યા છે પરંતુ લંડન સરકાર એ ભૂલી રહી છે કે કાયદાના જોરે કે ધમકીઓ આપીને જનતાના આક્રોશને લાંબો સમય દાબી શકાતો નથી. તમે સંસદમાં કાયદો બનાવીને મતદાન અટકાવી શકો પરંતુ લોકોના દિલમાં પ્રજ્વલિત થયેલી આઝાદીની ભાવનાને કેવી રીતે દબાવશો?

યુનાઈટેડ કિંગડમ હવે માત્ર કાગળ પર જ 'યુનાઈટેડ' રહ્યું છે, વાસ્તવિકતામાં તે આંતરિક રીતે વિખેરાઈ ચૂક્યું છે. બ્રિટિશ રાજ્યકર્તાઓની એ જ જૂની માનસિકતા છે કે તેઓ બાકીના પ્રદેશોને પોતાની વસાહતથી વિશેષ કશું ગણતા નથી. જો લંડને સ્કોટલેન્ડ અને વેલ્સને સમાન ભાગીદાર ગણ્યા હોત તો આજે આ નોબત ન આવી હોત. ઈયુમાંથી બહાર નીકળવાના નિર્ણયે બ્રિટનના અર્થતંત્રના ધજાગરા તો ઉડાવ્યા જ છે પણ સાથે સાથે તેણે આંતરિક એકતાના પાયા પણ હચમચાવી નાખ્યા છે. જે આંતરરાષ્ટ્રીય સરહદો સદીઓથી બંધ હતી, તેને બ્રેક્ઝિટે ફરીથી જીવંત કરી દીધી છે.

બ્રિટન આખી દુનિયામાં જઈને સ્વતંત્રતા અને લોકશાહીનાં ભાષણો આપે છે પરંતુ જ્યારે પોતાના જ પ્રદેશના નાગરિકો શાંતિપૂર્ણ રીતે જનમત સંગ્રહ માગે છે, ત્યારે લંડનની અદાલતો અને સંસદ દરવાજા બંધ કરી દે છે. આ બ્રિટિશ લોકશાહીનો મોટો દંભ અને પાખંડ છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે કોઈ કેન્દ્રિય સત્તા પોતાની પ્રજાની આકાંક્ષાઓને સમજવામાં નિષ્ફળ જાય છે ત્યારે સામ્રાજ્યો તૂટી પડે છે. સ્કોટલેન્ડ આજે નહીં તો કાલે, કાયદાકીય રસ્તે કે જનઆંદોલન દ્વારા આઝાદી મેળવીને જ રહેશે.

બ્રિટન આજે પોતાની જ ભૂલોના વિષચક્રમાં ફસાયું છે. સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડમાં સળગી રહેલી આઝાદીની ચિનગારી એ માત્ર રાજકીય સ્ટંટ નથી પરંતુ લંડનની દાદાગીરી સામેનો લોકઆક્રોશ છે. જો લંડનના શાસકો સમયસર પોતાની આડોડાઈ છોડીને આ પ્રદેશોને વાજબી અધિકારો અને આઝાદીનો રસ્તો નહીં આપે તો બ્રિટનનો નકશો બદલાઈ જશે. 'યુનાઈટેડ કિંગડમ'માંથી 'યુનાઈટેડ' શબ્દ ભૂંસાઈ જશે અને માત્ર ઈંગ્લેન્ડ એકલુંઅટૂલું રહી જશે. સત્તાના અહંકારમાં આંધળા થયેલા લંડન માટે આ ચેતવણીનો આખરી ઘંટ છે!